४८१५

॥ श्रीशुकउवाच ॥ वृतःपुरोहितस्त्वष्ट्रो महेंद्रायानुपृच्छते ॥ नारायणाख्यंवर्माहतदिहैकमनाः शृणु ॥ ३ ॥

ટીકા—ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ તે પુછતો જે ઇંદ્ર તેને નારાયણ કવચ ભણાવ્યું તે કહું. સાંભળો. ૩

॥ विश्वरूपउवाच ॥ धौतांघ्रिपाणिराचम्यसपवित्रउदङ्मुखः ॥ कृतस्वांगकरन्यासोमंत्राभ्यांवाग्यतःशुचिः ॥४॥

ટીકા-હે રાજન પ્રથમ હાથ પગ ધો, આચમન લઇ પવિત્ર થઇને ઊત્તર મોહોડે બેસવું. વળી અંગન્યાસ, કર ન્યાસ એ બે મંત્રશું કરવા ને પાઠ કરવા. ત્યાં સુધી કોઈસાથે બોલવું નહીં, પવિત્ર થઇને પાઠ કરવો. એક મંત્ર પંચાક્ષર ને બીજો દ્વાદશાક્ષર, ૪

नारायणमयंवर्मसंनत्येद्भयआगते ॥ पादयोर्जानुनोरूर्वोरुदरेहृदयथोरसि ॥५॥

ટીકા-મોટો ભય ઉપજે ત્યારેં નારાયણ કવચ પેંહેરવું ॥ પગનેં વિષેંનો જાનુવિષેં મસ્તક વિષે ઓંકારાદી અક્ષરનો ન્યાસ કરવો. ૫

मुखेशिरस्यानुपूर्व्याद्योंकारादीनिविन्यसेत् ॥
ॐनमोनारायणायेतिविपर्ययमथापिवा ॥६॥

ટીકા—અથવા નમો નારાયણાય. એ મંત્રે ન્યાસ કરવા. ૬

करन्यासंततःकुर्याद्द्वादशाक्षरविद्यया ॥ प्रणवादियकारांतमंगुल्यंगुष्ठपर्वसु ॥७॥

ટીકા—વળી દ્વાદશાક્ષર વિદ્યાએ કરીને ઉપકારથકી યકાર સુધી આંગુલીને વિષે અંગુઠાને વિષે ન્યાસ કરવો. ॥ ૭ ॥

न्यसेद्धृदयओंकारंविकारमनुमूर्धनि ॥ षकारंतुभ्रुवोर्मध्येणकारंशिखयादिशेत् ॥ वेकारंनेत्रयोर्युंज्यान्नकारंसर्वसंधिषु ॥८॥

ટીકા—અથવા વિષ્ણવે નમઃ એ મંત્રે કરીને ન્યાસ કરવા. ૮

मकारमस्त्रमुद्दिश्यमंत्रमूर्तिर्भवेद्बुधः ॥ सविसर्गंफडंतंतत्सर्वदिक्षुविनिर्दिशेत् ॥९॥ ॐविष्णवेनमइति ॥ आत्मानंपरमंध्यायेद्ध्येयंषट्शक्तिभिर्युतम् ॥ विद्यातेजस्तपोमूर्तिमिमंमंत्रमुदाहरे-

त् ॥ १० ॥

ટીકા—હેવા આત્માને ભગવાન તે પોતાની શક્તિયે યુકત વીયા વીયા તેજ તપની મુરતી એવો મંત્ર જપવો. નારાયણ કવચનો પાઠ કરવો ૧૦

हरिर्विदध्यान्ममसर्वरक्षांन्यस्तांघ्रिपद्मःपतगेंद्रपृष्ठे ॥ दरारिचर्मासिगदेषुचापपाशान्दधानोऽष्टगुणोऽष्टबाहुः ॥११॥

ટીકા—હરિ નામે ભગવાન તે મારી સર્વ પ્રકારે રક્ષા કરો. ભગવાન કેવા છે કે ગરૂડ પૃષ્ટ ઉપર ચરણ કમળ ધર્યો છે અષ્ટ ભુજાને વિશે ચક્ર ત. ઢાલ ત. ખડગ ત. ગદા ધનુષ્ય પાશ બાણને ધર્યાં છે. ૧૧

जलेषुमांरक्षतुमत्स्यमूर्तिर्यादोगणेभ्यो वरुणस्यपाशात् ॥ स्थलेषुमायावटुवामनोऽव्यात्त्रिविक्रमःखेऽवतुविश्वरूपः ॥१२॥

ટીકા—જળાને વિષે મચ્છાઅવતાર ભગવાન રક્ષા કરો. જળજીવથકી અને વરૂણના પાપથકી અને સ્થલવિષે વામનજી રક્ષા કરો. વિશ્વરૂપ જે ભગવાન તે આકાશને વિશે રક્ષા કરો. ૧૨

दुर्गेष्वटव्याजिमुखादिषु प्रभुः पायान्नृसिंहोऽसुरयूथपारिः ॥ विमुंचतो यस्य महाट्टहासं दिशो विनेदुर्न्यपतंश्च गर्भाः ॥१३॥

ટીકા—ભયરૂપ મારગને વિશે ત. સંગ્રામને વિશે નરસિંહજી ભગવાન રક્ષા કરો. ભગવાન કેવા છે દૈત્યોનો શત્રુ. જે ભગવાનનો મોટો શબ્દ કરતા તેણે કરીને દીશાઓ નાદ કરતી હવી. દાનવની સ્ત્રીના ગર્ભ પડી જતા હવા. ૧૩

रक्षत्वसौ माऽध्वनि यज्ञकल्पः स्वदंष्ट्रयोन्नीतधरो वराहः ॥ रामोऽद्रिकूटेष्वथ विप्रवासे सलक्ष्मणोऽव्याद्भरताग्रजोऽस्मान् ॥१४॥

ટીકા—મારગને વિશે યજ્ઞાવતાર રક્ષા કરો. જે ભગવાન વારાહજી જેણે દહાડે કરીને ધરતી ઉદ્ધાર કરી છે. પર્વતના શિખરવિશે રામચંદ્ર રક્ષા કરો વિપ્રવાસ જે પરદેશને વિશે ભરતજીના મોટા ભાઈ રક્ષા કરો. ૧૪

मामुग्रधर्मादखिलात्प्रमादान्नारायणः पातु नरश्च हासात् ॥ दत्तस्त्वयोगादथ योगनाथः पायाद्गुणेशः कपिलः कर्मबन्धात् ॥१५॥

ટીકા નારાયણ જે ભગવાન તે ઉગ્રકર્મ ત. પ્રાસા-
રક્ષા કરો. ૧૫

सनत्कुमारोऽवतुकामदेवाद्धयशीर्षामांपथिदेवहेलनात् ॥ देवर्षिवर्यःपुरुषार्चनांतरात्कूर्मोहरिर्मांनिरयादशेषात् ॥१६॥

ટીકા—કામદેવથકી સનત્કુમાર રક્ષા કરો. મારગવિશે ચાલતાં દેવતાનું જે થાનક તેને નમે નહીં તે અપરાધથકી હયગ્રીવ દેવ રક્ષા કરો. અને સત્વા વવચમાં બોલીયે તે થકી નારદ રક્ષા કરો. સર્વ નરકથકી કચ્છાવતાર રક્ષા કરો. ૧૬

धन्वंतरिर्भगवान् पात्वपथ्याद्द्वंद्वाद्भयादृषभोनिर्जितात्मा ॥ यज्ञश्चलोकादेवताज्जनांताद्बलोगणात्क्रोधवशादहींद्रः ॥१७॥

ટીકા—કુપથથકી ધન્વંતરી રક્ષા કરો. સુખ દુઃખ થકી રષભ દેવ રક્ષા કરો, લોકાપવાદથકી અને કાલથકી યજ્ઞરૂપી રક્ષા કરો. શેષ નામ પ્રભુ તે ક્રોધ સર્વ થકી રક્ષા કરો. ૧૭

द्वैपायनोभगवानप्रबोधाद्बुद्धस्तुपाखण्डगणात्प्र-

मादात् ॥ कल्किःकलेःकालमलात्प्रपातुधर्मावनायोरुकृतावतारः ॥१८॥

ટીકા—અજ્ઞાનથકી વેદવ્યાસ રક્ષા કરો. પાખંડઘણથકી કલંકી ભગવાન રક્ષા કરો. ધરમને કાજે લીધો છે અવતાર જેણે ૧૮

मांकेशवोगदयाप्रातरव्याद्गोविन्दआसंगवमात्तवेणुः ॥ नारायणःप्राह्णउदात्तशक्तिर्मध्यंदिनेविष्णुररींद्रपाणिः ॥१९॥

ટીકાઃ—પ્રાતઃકાલે ગદાયે કરીને કેશવ રક્ષા કરો. પરાણ્હ કાલને વિશે નારાયણ રક્ષા કરો. ૧૯

देवोपराह्णमधुहोग्रधन्वासायंत्रिधामाऽवतुमाधवोमाम् ॥ दोषेहृषीकेशउतार्धरात्रेनिशीथएकोऽवतुपद्मनाभः ॥२०॥

ટીકા—ઉગ્રધન્વા ભગવાન પ્રાતઃકાળે અને સાયંકાળે માધવજી પ્રભુ, દોષને વિશે રૂષીકેશ રક્ષા કરો. મધ્ય રાત્ર અને પાછલી રાત્રને વિશે પદ્મનાભજી રક્ષા કરો. ૨૦

श्रीवत्सधामा ऽपररात्रईशःप्रत्यूषईशोऽसिधरो-
जनार्दनः ॥ दामोदरोऽव्यादनुसंध्यंप्रभातेविश्वे-
श्वरोभगवान्कालमूर्तिः ॥२१॥

ટીકા—પરરાત્રને વિશે શ્રી વત્સલાંછનધારી પ્રભા-
ત ખડગધારી જનારદન સંધ્યા પ્રત્યે દામોદરજી કાલ-
મુરતી રક્ષા કરો. ૨૧

चक्रंयुगांतानलतिग्मनेमिभ्रमत्समंतद्भगवत्प्रयु
क्तम् ॥ दंदग्धिदंदग्ध्यरिसैन्यमाशुकक्षंयथावात
सखोहुताशः ॥२२॥

ટીકા—યુગાંતના અગ્નિ સરખું શ્રી ભગવાને પ્રેર્યું
ચારે તરફ ભમતું એવું ચક્ર તે મારા વેરીની સેન્યાને
બાળો. જેમ અગ્નિ તૃણને બાળે. ૨૨

गदेऽशनिस्पर्शनविस्फुलिंगेनिष्पिढिनिष्पिढ्य-
जितप्रियाऽसि ॥ कूश्मांडवैनायकयक्षरक्षोभूत
ग्रहांश्चूर्णयचूर्णयारीन् ॥२३॥

ટીકા—હે ગદે તું વજર સરખી છે. માટે યક્ષરાક્ષસ:
ભુતગ્રહ અને વેરીને ભાંજી ચુરણ કર. માહરા શત્રુને

તમે ભગવાનની ગદા છો. ૨૩

त्वंयातुधानप्रमथप्रेतमातृपिशाचविप्रग्रहघोरदृ-
ष्टीन् ॥ दरेंद्रविद्रावयकृष्णपूरितोभीमस्वनोऽरेर्हृ-
दयानिकंपयन् ॥२४॥

ટીકા—ભગવંતના શંખની પ્રાર્થના કરવી. હે શં-
ખ, તુને ભગવાનને પુર્યો તે રાક્ષસ ત. પ્રથમ ગણપ્રેત,
માતૃણ, પિસાચ, ઘોર દૃષ્ટિવાળા તેનો નાશ કરવો. વે-
રીના હૃદયને કંપ ઉપજાવતો થકો. ૨૪

त्वंतिग्मधारासिवरारिसैन्यमीशप्रयुक्तोमम छिं-
धिछिंधि ॥ चक्षूंषिचर्मन्शतचंद्रछादयद्विषमा
घोनांहरपापचक्षुषाम् ॥२५॥

ટીકા—ભગવાને પ્રેર્યું તીક્ષણ છે, ધાર જેની હે ખ-
ડગ મહારા વેરીને છેદ. અને શોભેછે ચંદ્રમા જેમાં હે
ભગવાનની ઢાલ તું મહારા શત્રુ જે પાપરૂપ તેની
આંખો ઢાંક. ૨૫

यन्नोभयंग्रहेभ्योभूत्केतुभ्योनृभ्यएवच ॥ सरीसृ-
पेभ्योदंष्ट्रिभ्यस्तथाअंहोभ्यएववा ॥२६॥

ટીકા—જે મુને ગ્રહથકી કે તુંથંકો મનુષ્ય તથા સ-
ર્પ આલાં ભુત ત. પાપથી મુને ભય હોય તે ઢાલ. ૨૬

सर्वाण्येतानिभगवन्नामरूपास्त्रकीर्तनात् ॥ प्र-
यांतुसंक्षयंसद्योयेनःश्रेयःप्रतीपकाः ॥२७॥

ટીકા--ભગવાન્નામ રૂપ જે અસ્ત્ર તેના કીર્તનથકી
નાશ પામો. અમારા વીંઘ્ર જે તે ॥૨૭॥

गरुडोभगवांस्तोत्रस्तोभश्छंदोमयःप्रभुः ॥ रक्ष
त्वशेषकृच्छ्रेभ्योविष्वक्सेनःस्वनामभिः ॥२८॥

ટીકા ભગવાન જે ગરૂડરૂપી જેના પક્ષ વેદમય છે,
અને વિશ્વકસેન જે ભગવાન તે સર્વ પાપથકી પોતાના
નામે કરીને રક્ષા કરો. ॥૨૮॥

सर्वापद्भ्योहरेर्नामरूपयानायुधानिनः ॥ बुद्धींद्रि
यमनःप्रणान्पातुपार्षदभूषणाः ॥२९॥

ટીકા—સર્વ આપદાથકી પોતાને હરીના નામરૂપ જે
આયુદ્ધ તે બુદ્ધિંદ્રિય મન પ્રાણ તેની રક્ષા કરો. ભગવા-
નના કુળ છે તે. ૨૯

यथाहिभगवानेववस्तुतःसदसच्चयत् ॥ सत्येना

नेननःसर्वैयांतुनाशमुपद्रवाः ॥३०॥

ટીકા—જે ભગવાન જતરૂપે છે તે સત્યે કરીને મ-હારા સર્વ ઉપદ્રવ નાશ પમાડો. ૩૦

यथैकात्म्यानुभावानांविकल्परहितःस्वयम् ॥ भूषणायुधलिंगाख्याधत्तेशक्तीःस्वमायया ।३१। तेनैवसत्यमानेनसर्वज्ञोभगवान्हरिः ॥ पातुस-र्वैःस्वरुपैर्नःसदासर्वत्रसर्वगः ॥३२॥

ટીકા—તે સર્વેને જાણનાર જે ભગવાન તે પોતાના સત્યે કરીને સર્વરૂપે કરીને સદા સર્વદા રક્ષા કરો. ૩૧ ૩૨

विदिक्षुदिक्षूर्ध्वमधःसमंतादंतर्बहिर्भगवान्नरसिं-हः ॥ प्रहापयँल्लोकभ्यंस्वनेनस्वतेजसाग्रस्तसम स्ततेजाः ॥३३॥

ટીકા—દીશ વિદીશને વિશે ઉચ્ચર્દાચાર તે તરફ બા-રમાહી પોતાને શબ્દે કરીને લોકોનો ભય ટાળતા એવા નારસિંહજી, જેણે પોતાને તેજે કરી સર્વનાં તેજ ગ્રહ્યાં છે. ॥ ૩૩ ॥

मघवन्निदमाख्यातंवर्मनारायणात्मकम् ॥ वि-

जेष्यस्यंजसायेनदंशितोऽसुरयूथपान् ॥३४॥

ટીકા-વિશ્વરૂપ ઇંદ્રને કહેછે કે, એ નારાયણકવચ મેં તુજને કહ્યું. આ કવચ પેહેરીને અસુરના જુદ્ધને જીતીશ. ॥૩૪॥

एतद्धारयमाणस्तुयंयंपश्यतिचक्षुषा ॥ पदावासंस्पृशेत्सद्यःसाध्वसात्सविमुच्यते ॥३५॥

ટીકા-એ નારાયણ કવચના ભણનારને નેત્રે કરીને જુવે તેનાં પાપ બળે અને પગ સ્પર્શ કરે તો સર્વે ભયથકી મુકાય. ॥૩૫॥

नकुतश्चिद्भयंतस्यविद्यांधारयतोभवेत् ॥ राजदस्युग्रहादिभ्योव्याघ्रादिभ्यश्चकर्हिचित् ॥३६॥

ટીકા-એ નારાયણકવચની વિદ્યા જે ભણે તેને રાજથકી ચોરથકી ગ્રહથકી ભય થાયે નહીં. ॥૩૬॥

इमांविद्यांपुराकश्चित्कौशिकोधारयन्द्विजः ॥ योगधारणयास्वांगंजहौसमरुधन्वनि ॥३७॥

ટીકા-પૂર્વે એક કૌશિક નામે બ્રાહ્મણ તે નારાયણકવચનું ભણતર તેણે યોગ ધારણાયે કરીને મારવાડ દે-

શને વિશે પ્રાણ મુકતો હવો. ॥૩૭॥

तस्योपरिविमानेनगंधर्वपतिरेकदा ॥ ययौचित्र
रथःस्त्रीभिर्वृतोयत्रद्विजक्षयः ॥३८॥

ટીકા–તે કૌશિક બ્રાહ્મણના શરીર ઉપર આકાશ માર્ગેથી ચીત્રરથ એવે નામે પોતાની સ્ત્રીએ વીંટાણો થકો જતો હવો. ॥૩૮॥

गगनान्न्यपतत्सद्यःसविमानोह्यवाक्शिराः ॥
सवालखिल्यवचनादस्थीन्यादायविस्मितः ३९

ટીકા–પછે તે ગંધર્વ આકાશથકી વિમાન સહિત ઊંધે માથે ભુમિ તળે પડતો હવો. પછે વાલખિલ્યના વચનથકી તે ગાંધર્વ નારાયણ કવચના પાઠ કરતલના અસ્તિકે તાંહાંજ તે પ્રાચી સરસ્વતિના નીરમલ જળને વિષે નાંખી પોતે પણ સ્નાન કરીને પાછો પોતાને ધામ જતો હવો. તે માટે નારાયણકવચના ભણતરને કોઈ ઓલંગી શકે નહીં. ॥ ३९ ॥

प्रास्यप्राचीसरस्वत्यांस्नात्वाधामस्वमान्वगात् ॥
श्रीशुकउवाच ॥ ॥ यइदंशृणुयात्कालेयोधारय

तिचाद्दतः ॥ तंनमस्यंतिभूतानिमुच्यतेसर्वतो-

भयात् ॥४०॥

ટીકા-જે નારાયણ કવચને ત્રણ કાલે સાંભળીને મ-
નમાં ધારણ કરે તેને સર્વ ભુત પ્રાણી નમે. અને સર્વ
ભયથકી મુકાય. ॥૪૦॥

एतांविद्यामधिगतोविश्वरूपाच्छतक्रतुः ॥ त्रैलो

क्यलक्ष्मींबुभुजेविनिर्जित्यमृधेऽसुरान् ॥४१॥

ટીકા_એ વિદ્યા વિશ્વરૂપ બ્રાહ્મણથકી શતક્રતુ જે
ઇંદ્ર પામ્યો, તે વિદ્યા પામી ત્રૈલોકની લક્ષ્મીને ભોગ-
વતો હવો. સંગ્રામને વિશે અસુરને જીતીને. ૪૧

इति श्रीभागवतेमहापुराणेऽष्टादशसाहस्र्यांस-

हितायांवैयासक्यांषष्ठस्कंधे नारायणवर्मकथनं-

नामाष्टमोऽध्यायः ॥८॥

समाप्त.

જાહેર ખબર.

આ પુસ્તક ત-
થા બીજી હરેક જા-
તનાં પુસ્તકો તથા મોઢ
બ્રાહ્મણ તથા મોઢ વાણિયાનું
ધર્માયણ થોડા દહાડામાં બહાર પડશે
જેઓને ગ્રાહક થવાની ગર-
જી હોય તેઓએ નીચે-
ને સીરનામે લ-
ખી જણાવવું.

રવાડી માધવજી પ્રેમજી.

ઠે. અમદાવાદ મધ્યે શાહાપુરમાં વસ્તા ધેહેલજીની પોળમાં.

કી. રૂ ૦-૧-૦
